# આ ઉમેદવારો વચ્ચે સુરતમાં ટક્કર થશે

| વોર્ડ | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| 1. જહાંગીરપુરા | ભાવિશા પટેલ | રીટાબેન સોલંકી | રેખા ત્રાડા |
| વરિયાવ | નયના ડોબરિયા | આશાબેન સોનાવિયા | કલ્પેશ બારોટ |
| છાપરાભાઠા | વિજય ભાટિયા | જગદીશભાઈ પટેલ | પ્રફુલ્લા રાસડિયા |
| કોસાડ | રાજેન્દ્ર પટેલ | કલ્પેશકુમાર રાણા | શર્મિષ્ઠા વરિયા |
| 2. અમરોલી | ચંદ્રિકા આસોદરિયા | પ્રવીણા ખેની | કિરણ મેઘાણી |
| મોટાવરાછા | મનીષા ખેર | હંસાબેન વઘાસિયા | દયા પાનસુરિયા |
| કઠોર | જૈનેષ જાદવ | રમેશ પટેલ | તુલસી લાલૈયા |
| - | મનુભાઇ બલર | પંકજ સરખેડીયા | પરિમલ કાનાણી |
| 3. વરાછા | મીતા મકવાણા | તારિકા બલદાણીયા | રિમ્પલ પોશિયા |
| સરથાણા | કાવ્યા કથિરિયા | જ્યોતિ સોજિત્રા | પ્રકાશ ચૌધરી |
| સીમાડા | વિશાલ રાઠોડ | અંકિત વસાવા | મહેશ અણઘણ |
| લસકાણા | સુરેશ ધામેલિયા | રાજેશ બોદર્યા | ધ્રુવિશા ગોસ્વામી |
| 4. કાપોદ્રા | હેતલબેન પરમાર | રેખા ભાલિયા | ઉષા ગોહિલ |
| - | હંસાબેન ગજેરા | મમતા સવાણી | કુંદન કોઠિયા |
| - | અરવિંદભાઈ કાકડીયા | ભરત ફીનાવિયા | મનોજ સોરઠિયા |
| - | મહેશભાઈ કાકડીયા | દિનેશ વેકરીયા | પંકજ ધામેલિયા |
| 5. ફુલપાડા | જયશ્રી વોરા | કલ્પના ગુર્જર | શિલ્પા મારકણા |
| અશ્વિનીકુમાર | સ્વાતી પટેલ | નીલમ વઘાસિયા | સ્મિતા નારોલા |
| - | ડો. વિક્રમ દેસાઇ | વાઘજીભાઈ રબારી | ચિત્રેશ અનાજવાલા |
| - | મહેન્દ્ર દેસાઇ | વિપુલ કાનુભાઈ શેખડા | દિનેશભાઇ કાછડિયા |
| 6. કતારગામ | જયશ્રી વરિયા | અમિષા પ્રજાપતિ | કાજલ ઘોઘારી |
| - | કેતા દેસાઇ | અમૃતા પ્રજાપતિ | શોભના વાઘાણી |
| - | દક્ષેશ માવાણી | પંકજ સરવૈયા | પંકજ આંબલિયા |
| - | રમેશ બોરડ | અમિત ધાનાણી | ભાવેશ ધામેલિયા |
| 7. કતારગામ | સોનુ આંબલિયા | દક્ષા તરસરીયા (પ્રજાપતિ) | અરુણા પાંડવ |
| વેડ | દેવ્યાની ઠુમ્મર | કલ્પના કાછડીયા | મુકેશ મોરડિયા |
| - | ઇશ્વર નારોલા | મનોજ કામાણી | પ્રતિક કાકલોતર |
| - | રઘુભાઇ ખૂંટ | અક્ષય મોરી (પ્રજાપતિ) | દિપ્તી સાકરિયા |
| 8. ડભોલી | વંદના ઘોઘારી | જાગૃતિ પ્રજાપતિ | ટ્વિન્કલ વરિયા |
| સિંગણપોર | માયા પાટીલ | સબેરા ફિરદોશ રાણા | દયાબેન તેજાણી |
| - | ભૂપેન્દ્ર રાઠોડ | જયેશ રાજુભાઈ રાઠોડ | ભૂપત કોડિયાતર |
| - | પરેશ સાકરિયા | મહેશ કેવડીયા | સાગર સવાણી |
| 9. રાંદેર | હિના ટાંક | ભાવના દરજી | જાગૃતિ જાની |
| જહાંગીરાબાદ | નેન્સી શાહ | છાયા પટેલ | જિતેશ પટેલ |
| પાલનપોર | રાજન પટેલ | સુભાષ પટેલ | રાજેશ ચૌહાણ |
| - | દિગ્વિજયસિંહ બારડ | સોહેલ શેખ | - |
| 10. અડાજણ | મિનાક્ષી પપૈયા | રમીલા પટેલ | વિજય નૈયર |
| ઇચ્છાપોર | ઉર્વશી પટેલ | દુર્ગાબેન નિષાદ | નરેશ પરમાર |
| પાલ | રાજુ પ્રિયદર્શી | પ્રશાંત પરમાર | - |
| - | નિલેશ પટેલ | અશોક રાઘવાણી | - |
| 11. અડાજણ | અલ્પા મહેતા | ફેની જરીવાલા | ડોનિકા પટેલ |
| ગોરાટ | વૈશાલી શાહ | ભદ્રિકા ગાંધી | રુકસાના પઠાણ |
| - | પરિમલ ચાસિયા | સની રણછોડભાઈ પરમાર | શુનિલકુમાર વડિયા |
| - | હર્ષ મહેતા | મન્નાન અમીનભાઈ ગોવર | કલપેશ ટાંક |
| 12. નાણાવટ | હેમાક્ષી ચૌહાણ | શરીફા કાદર સેલોત | મિત્તલ ઘેટિયા |
| સૈયદપુરા | આરતી પટેલ | ડો. પ્રીતિબેન સાદાદૈયા (પ્રજાપતિ) | શાહિનબીબી મલેક |
| કુબેરનગર | કિશોર માયાણી | અર્શદ અબ્દુલ રબ જરીવાલા | અશ્વિનભાઇ માંગુકિયા |
| મહિધરપુરા | ચિરાગ સાવલિયા | ભુપેન્દ્ર છગન પટેલ | ફિરોઝ મલેક |
| 13. વાડીફળિયા | મોહિની રાઠોડ | રેહાના સઈદભાઈ સૈયદ | આરતીબેન વાઘેલા |
| નવાપુરા | મનિષા મહાત્મા | ઉર્વશી વિપુલ ઉધનાવાલા | જાગૃતિબેન પટેલ |
| બેગમપુરા | સંદીપ ચલકવાલા | નીરવ જગદીશભાઈ રાણા | શુશાંત કાપડિયા |
| સલાબતપુરા | સંજય દલાલ | નીતિન ભરૂચા | અમિત જરીવાલા |
| 14. ઉમરવાડા | સરોજ પટેલ | આરતી લાલુભાઈ પટેલ | મનિષાબેન ગામીત |
| માતાવાડી | માયા માવાણી | મનીષા સુરેશભાઈ કાછડીયા | અસ્મિતા વઘાસિયા |
| - | સતીષ મૈસુરિયા | રોહિત કાંતિભાઈ બારૈયા | શરદ ભોજીયા |
| - | અનિલ સોજીત્રા | ઉમાશંકર લક્ષ્મણશરણ મિશ્રા | નરેશકુમાર કિકાણી |
| 15. કરંજ | મનિષા આહિર | નીતા હસમુખભાઈ બાલદાણીયા | મમતાબેને બારૈયા |
| મગોબ | રૂપા પંડ્યા | સોનલ શૈલેષ મુજાણી | દયાબેન વાળા |
| - | ધર્મેશ ભાલાળા | જીવનભાઈ કોઠીયા | રમેશભાઇ જીંજાળા |
| - | મહેશકુમાર મકવાણા | માવજી લાખાભાઈ ધાપા | સંજયભાઇ સુહાગીયા |
| 16. પૂણા | સંગીતા પરમાર | કાજલબેન ભાવેશભાઈ ભકથડીયા | અસ્મિતાબેન પરમાર |
| (પશ્ચિમ) | રીટા પટોળિયા | કપિલા અશોકભાઈ ડોમડિયા | પાયલ સાકરિયા |
| - | વિક્રમ દેગામ | અશોક મુનીભાઈ પરમાર | પ્રવિણભાઇ કટારિયા |
| - | જગદીશ સુતરિયા | વાસુદેવ ધીરુભાઈ સબલપરા | જીતેન્દ્રભાઇ કાછડિયા |
| 17. પૂણા | મનિષા જીકાદરા | કિરણબેન હાંડા | અસ્મિતા ધોરાજિયા |
| (પૂર્વ) | કંચન સાવલિયા | સોનલ દિનેશભાઈ દેસાઈ | રચના હીરપરા |
| - | સુભાષ હાનાણી | જશવંત પરસોત્તમ ડોન્ડલીયા | પંકજ ચાવડા |
| - | ચીમન વોરા | ગૌતમ સુરેશભાઈ નાથાણી | ધર્મેશભાઇ ભંડેરી |
| 18. લિંબાયત | વિધિ રાઠોડ | પ્રકૃતિ નરેશભાઈ રાઠોડ | મનિષા રાઠોડ |
| પરવટ | હીના વાછાણી | મુનવ્વર જહાં રહેમાનભાઈ શેખ | કિરણ દિવાકર |
| કુંભારિયા | દિપક રબારી | સંજય રામાધાર રામાનંદી | ભરત પ્રજાપતિ |
| - | દિનેશ રાજપુરોહિત | કુમાનસિંહ હિમત દરજાવત | ગૌતમ પટેલ |
| 19. આંજણા | અનિતા રાણા | વાસંતી સુરેશભાઈ રાણા | શિલ્પા સોલાડિયા |
| ડુંભાલ | જયશ્રી પટેલ | રંજના રામચંદ્ર વર્દે | રઇશા શેખ |
| - | રમેશ પટેલ | સુહેલ અસલમ સાયકલવાલા | મહેન્દ્ર રાજપુરોહિત |
| - | અશોક શાહ | મિલિંદ હરીશભાઈ સપકાલે | નુરુ શેખ |
| 20. ખટોદરા | પ્રતિભા દેસાઇ | દર્શાલી કૃષ્ણા વખારીયા | વંદનાબેન સાલવે |
| મજુરા | હિના ટાલિયા | તક્ષશિલા અનિલભાઈ કાપડીયા | ભાનુબેન રબારી |
| સગરામપુરા | રાજેશ રાણા | પરાગ નરેન્દ્રભાઈ વાજા | ગીરીશ ચૌહાણ |
| - | રજનીશ દેસાઇ | શફીક સઈદભાઈ જુમ્મા | આરીફ મજીદ શાહ |
| 21. સોનીફળિયા | દિપીકા ધૃત | યાસ્મિન અલ્તાફ મલિક | દક્ષા ભાવસાર |
| નાનપુરા | ડિમ્પલ કાપડિયા | એડવોકેટ રુચિ વિનોદ સિંઘ | - |
| અઠવા | અશોક રાંદેરિયા | નરેશ બિહારીલાલ ગોધરાવાલા | સંદીપ છાપાવાલા |
| પીપલોદ | વ્રજેશ ઉનડકટ | પરેશ ગમનલાલ પટેલ | દિવ્યા ઠક્કર |
| 22. ભટાર | શીતલ પટેલ | અલીસા ખલાસી | મોનિકા ગુપ્તા |
| વેસુ | રશ્મિ સાબુ | નીલમ પરાતે | ગંગાબેન વાઘમારે |
| ડુમસ | દિપેશ પટેલ | ગુલાબ લલ્લુભાઈ પટેલ | - |
| - | હિમાંશુ રાઉલજી | દેવેન્દ્ર જેરુલાલ જૈન | રૂબિન પટેલ |
| 23. બમરોલી | ગીતાબેન રબારી | રેશ્મા ચૌહાણ | - |
| ઉધના (ઉત્તર) | ઉર્મિલાબેન ત્રિપાઠી | નિધિ સંદીપ પાઠક | રેશમા મહાજન |
| - | ડો. દિનાનાથ મહાજન | જયેશ હિતેન્દ્રરાય ભટ્ટ | પ્રવિણ મોરિયા |
| - | દેવેન્દ્ર બોકડિયા | એડવોકેટ મિલન રાવલ | મનોજ બોડાડે |
| 24. ઉધના | ભાવનાબેન શાહ | શોભાબેન પાટીલ | રીટાબેન પટેલ |
| (દક્ષિણ) | માયાબેન બારડ | ઉષા શેષરામ પાઠક | અહલ્યા દેવી સિંગ |
| - | કેયુર પટેલ | પિયુષ રાણા | ઉલ્હાસ માલી |
| - | - | જતિન કુમુદચંદ્ર જરીવાલા | પૃથ્વીરાજ રાજપૂન |
| 25. લિંબાયત | કવિતા એનાગુંડલા | જિજ્ઞેશા વિનોદ પાટીલ | મુમતાજ મુલતાની |
| ઉધનાયાર્ડ | સુષ્મા પાટીલ | અલકાબેન પાટીલ | શીમા જાવરે |
| - | સંજય પાટીલ | શૈલેષ પરાતે | યોગેશ પાટીલ |
| - | જયેશ ચાંદેકર | નાઝિમ ઇકબાલ બેલીમ | કિરણ સોંકુસરે |
| 26. ગોડાદરા | વર્ષા બલદાણિયા | અપેક્ષા રતિલાલ વૈષ્ણવ | અશ્મિતા કટારીયા |
| ડિંડોલી | અલકા પાટીલ | વેવી સિંઘ રાજપુત | શીમા રમેશચંદ્ર સિંગ |
| (ઉત્તર) | અમિતસિંગ રાજપૂત | રવીન્દ્ર પાટીલ | સર્વણકુમાર જોશી |
| - | ડો.નરેન્દ્ર પાટીલ | રામમૂર્તિ ઉમાનાથ યાદવ | મહેશ નાગેશ |
| 27. ડિંડોલી | પ્રતિભા પટેલ | ભાવના દીપકભાઈ કાડીયા | જાગૃતિ બલદાણીયા |
| (દક્ષિણ) | અંજલિ ઉપાધ્યાય | તારા મૌર્યા | વીણાબેન પટેલ |
| - | ભાઇદાસ પાટીલ | રાજેન્દ્ર રામ-અચલ યાદવ | વિજય પાટીલ |
| - | સુધાકર ચૌધરી | ચંદ્રભાન મહેન્દ્ર રાવ સોનવણે | વિકાસ મિશ્રા |
| 28. પાંડેસરા | રાજકુંવર રાઠોડ | સુનીતા પાન-પાટીલ | માનુષી પરમાર |
| ભેસ્તાન | કામિની પટેલ | રિઝવાના આબિદ પઠાન | કલાબેન બાવીસકર |
| - | મનીષ પટેલ | જગદીશ ગોવિંદભાઈ પટેલ | રાજેશ રબારી |
| - | પંકજ જાદવ | રોશન મિશ્રા | વિલાશ પાટીલ |
| 29. અલથાણ | સુધા પાંડેય | વંદના ભીમરાવ સાળુંકે | ગોલ્ડીસિંગ રાઘેન્દ્ર પ્રતાપ |
| બમરોલી | સુરજ યાદવ | સુધા દયારામ તિવારી | હર્ષિકા પાટીલ |
| વડોદ | મેહુલ પટેલ | ધનસુખ દુલાભાઈ પટેલ | ધૃવીલ પંચાલ |
| - | ધર્મેન્દ્ર પટેલ | અવધેશ રાજપુત મૌર્યા | જીવરામ પટેલ |
| 30. કનસાડ | રીનાસિંહ રાજપૂત | સુરૈયા આરિફભાઈ શેખ | રીટા પ્રજાપતિ |
| સચિન | આરતી ચૌધરી | સેજલ બબલુભાઈ પાંડે | ભૂમી પટેલ |
| ઉન | ભરત પટેલ | મિલન કાલિદાસભાઈ પટેલ | પરેશ મહાલે |
| આભવા | ચિરાગ સોલંકી | દિવ્યેશ નરેશભાઈ વીરા | નિલેશ પંભાર |

# ચેમ્બરની સામાન્ય સભા 1 મિનિટમાં જ પૂર્ણ થઈ ગઈ

**આક્ષેપ** કરનાર સભ્ય સામાન્ય સભામાં મોડા આવ્યા

**મિનિટ્સ** મંજૂરી સિવાય કોઈ કામ ન હોવાથી સભા પૂર્ણ થઈ: નિખિલ મદ્રાસી

સુરત:ચેમ્બર ઓફ કોમર્સની સામાન્ય સભા માત્ર એક મિનિટમાં પૂર્ણ કરી દેવાનો આક્ષેપ લાઈફ મેમ્બર સંજય ઈઝાવા અને આર્કિટેક્ટ રાકેશ કાબરીયા એ કરી વિરોધ નોંધાવ્યો છે. જોકે આ આક્ષેપ અંગે ખુલાસો કરતા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસી એ જણાવ્યું હતું કે, આજે મેનેજિંગ કમિટીની બેઠક સાથે સાધારણ સભા પણ હતી. મેનેજિંગ કમિટીની મિટિંગ 90 મિનિટ ચાલી હતી. એ પછી સમયસર સાંજે 6.30 કલાકે સામાન્ય સભા શરૂ કરવામાં આવી હતી.આ સભામાં ગત મિનિટસ મંજૂરી કરવા સિવાય કોઈ એજન્ડા ન હોવાથી સભ્યોની સહમતિથી એક - બે મિનિટમાં સભા સમાપ્ત થઈ હતી.આક્ષેપ કરનાર સભ્ય સામાન્ય સભામાં મોડા આવ્યા હતા.સભા સમાપ્ત થઈ સભ્યો જતા રહ્યા પછી આવ્યા હતા. સામાન્ય રીતે સામાન્ય સભામાં અગાઉથી પ્રશ્નો રજૂ કરનારને બોલવાની તક આપવામાં આવે છે.પણ પ્રશ્ન પૂછનાર ગેરહાજર હોય તો ચર્ચા કરવામાં આવતી નથી. ચેમ્બરના બંધારણ અને નિયમ મુજબ સામાન્ય સભા યોજાઈ હતી.

આક્ષેપ કરનાર લાઈફ મેમ્બર સંજય ઈઝાવા એ જણાવ્યું હતું કે,કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે ચાર દિવસ પૂર્વે જ લેખિતમાં પ્રમુખ તથા ચેમ્બર કચેરીને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં, કોઈપણ મુદ્દા પર ચર્ચા કર્યા વિના સામાન્ય સભા સાંજે 6:30 વાગ્યે શરૂ કરીને માત્ર 6:31 વાગ્યે પૂર્ણ કરી દેવામાં આવી હતી.

રીત રસમોથી ચલાવવામાં આવે તે સુરતના નાગરિકો માટે શરમજનક છે. સામાન્ય સભા માટે અગાઉથી પ્રશ્ન પૂછનાર લાઈફ મેમ્બર સંજય ઈઝાવા અને આર્કિટેકટ રાકેશ કાબરીયાનું કેહવુ હતું કે તેઓ ચેમ્બરના લિફ્ટ એરિયામાં સમયસર પહોંચી ગયા હતા.પણ એ દરમિયાન બંને લિફ્ટમાંથી મોટી સંખ્યામાં સભ્યો નીકળતા એક ,બે મિનિટ તો અહીંજ થઈ ગઈ હતી. જોકે નિખિલ મદ્રાસી એ જણાવ્યું હતું કે જો તેઓ સામાન્ય સભાના 5 મિનિટ વેહલા અથવા સમયસર આવી ગયા હોત તો આ પ્રશ્ન ઊભો થયો ન હોત.સભા પૂર્ણ થઈ ગઈ હોય,સભ્યો જતા રહ્યા હોય તો ફરી સભા કઇ રીતે બોલાવી શકાય.

# સુરતમાં કાળઝાળ ગરમી યથાવત, ઉકળાટનો અહેસાસ

**મહત્તમ** તાપમાનમાં ઘટાડો છતાં ૪૦ ડિગ્રી જેવી ગરમીનો અનુભવ, લઘુત્તમ તાપમાનમાં વધારો

**સૂકા** પવન અને ઓછા ભેજથી તાપનો પ્રભાવ વધ્યો

સુરતઃ શહેરમાં શનિવારે પણ કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. મહત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો નાનો ઘટાડો નોંધાયો હોવા છતાં ગરમીમાંથી ખાસ રાહત મળી નહોતી. આજે મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, પરંતુ ગરમીનો અહેસાસ ૪૦ ડિગ્રી જેટલો રહ્યો હતો. જેના કારણે શહેરવાસીઓ ઉકળાટથી પરેશાન બન્યા હતા. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. ગત દિવસની સરખામણીએ લગભગ બે ડિગ્રી વધીને લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. રાત્રિના સમયમાં પણ ગરમીનો અહેસાસ યથાવત રહેતાં લોકોમાં અકળામણ જોવા મળી હતી. હવામાં ભેજનું પ્રમાણ માત્ર ૨૪ ટકા નોંધાયું હતું, જેના કારણે વાતાવરણ વધુ સૂકું બન્યું હતું. આ સાથે જ ઉત્તર-પશ્ચિમ દિશામાંથી આશરે ૬ કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાતાં સૂકા પવનો ગરમીના પ્રભાવને વધુ તેજ બનાવી રહ્યા હતા. સૂકા પવનના કારણે ત્વચા અને શરીર પર તાપની સીધી અસર અનુભવાઈ હતી. આવા વાતાવરણમાં આરોગ્ય નિષ્ણાતો દ્વારા બપોરના સમયે બહાર ન નીકળવાની, પૂરતું પાણી પીવાની અને હળવા કપડાં પહેરવાની સલાહ આપવામાં આવી રહી છે. આગામી દિવસોમાં પણ ગરમીમાં ખાસ રાહત મળવાની સંભાવના ઓછી જણાઈ રહી છે, જેના કારણે ઉનાળાની તીવ્રતા યથાવત રહેવાની શક્યતા છે.

# પૂણામાંથી સગીરાને ભગાડી જનારો 4 વર્ષે પકડાયો

સુરતઃ ચાર વર્ષ પૂર્વે 2022ના વર્ષમાં લગ્નની લાલચ આપી સગીરાનું અપહરણ કરી જનારાને ક્રાઇમ બ્રાંચે પકડી પાડ્યો છે. મૂળ ઉત્તરપ્રદેશનો વતની અને સુરતના પૂણા ગામના વલ્લભનગરમાં રહેતો ગોવિંદ શીશુપાલ યાદવ સગીરાનું અપહરણ કરી ગયો હતો. જેની આજે ધરપકડ કરવામાં આવી

# સારોલીમાં કાપડના વેપારીનું રૂ.૨૨.૯૧ લાખનું ઉઠમણું

**લાખોનું** કાપડ ખરીદી માત્ર 50 હજાર જ ચૂકવ્યા

સુરતઃ સારોલી સ્થિત કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટમાં ભાગ્ય શ્રી ફેશનના નામે વેપાર શરૂ કરનારા બે ઠગ ભાગીદારોએ એક વેપારી પાસેથી લાખો રૂપિયાનો કાપડનો જથ્થો ખરીદ્યા બાદ રાતોરાત દુકાન બંધ કરી પલાયન થઈ જતાં તેમની સામે ૨૨.૯૧ લાખથી વધુની રકમની છેતરપિંડીનો ગુનો સારોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે.

સરથાણાના વ્રજ ચોક વિસ્તારમાં આવેલી વ્રજ વિહાર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય વેપારી અજયભાઈ મગનભાઈ નરોડીયા કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સારોલી કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટમાં ભાગ્ય શ્રી ફેશન નામની પેઢી ધરાવતા મુકેશભાઈ દોશી અને ભરત ઉર્ફે વિવેક પાંડેએ તેમનો સંપર્ક કર્યો હતો. સમયસર પેમેન્ટ કરવાનો વાયદો કરી તેમણે તેમની પાસેથી રૂ. ૨૩,૪૧,૪૮૯ની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો ખરીદ્યો હતો. તેની સામે તેણે ટુકડે-ટુકડે માત્ર રૂ. ૫૦,૦૦૦નું જ પેમેન્ટ ચૂકવ્યું હતું. બાકીના ૨૨.૯૧ લાખથી વધુના પેમેન્ટ માટે જ્યારે અજયભાઈએ ઉઘરાણી શરૂ કરી, ત્યારે બંને ભાગીદારો વાયદાઓ પર વાયદાઓ કરવા લાગ્યા હતા.વેપારીએ વારંવાર પેમેન્ટની માંગણી કરતા અંતે ઠગ ભાગીદારોએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. શંકા જતાં જ્યારે અજયભાઈ કુબેરજી વર્લ્ડ માર્કેટમાં આવેલી તેમની દુકાને પહોંચ્યા, ત્યારે માલૂમ પડ્યું હતું કે બંને શખ્સો પોતાની દુકાન વધાવીને (બંધ કરીને) રાતોરાત ફરાર થઈ ગયા છે.

# પુણાગામમાં જૂની અદાવતમાં યુવક પર જીવલેણ હુમલો

**‘લાલો** ક્યાં છે?’ કહી 9 શખ્સે ચપ્પુ-ગુપ્તી સાથે પિસ્તોલ બતાવી ધમકી આપી

સુરત:પુણાગામ વિસ્તારમાં રહેતા લાલજીભાઈ અગરસંગભાઈ ચૌહાણ (ઉ.વ. 35) પર ગત સાંજે રેશ્મા ચોકડી પાસે ગેંગ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, લાલજીભાઈ પાસે અગાઉ કામ કરતી એક યુવતીએ લગ્ન પ્રસંગે રૂપિયા 50 હજાર ઉધાર લીધા હતા. આ રકમ પરત માંગવા જતા બંને પક્ષ વચ્ચે વિવાદ ઊભો થયો હતો. યુવતીના પરિવારજનોએ લાલજીભાઈ પર ખોટા આક્ષેપો લગાવતા મામલો વધુ ઉગ્ર બન્યો હતો.આ જ અદાવતને કારણે ગત સાંજે સવાભાઈ ભરવાડે લાલજીભાઈને ફોન કરીને રેશ્મા ચોકડી પાસે મળવા બોલાવ્યા હતા. ત્યાં પહોંચતા જ સવાભાઈ, ગોપાલ ઉર્ફે રોનક તેમજ અન્ય સાથીઓએ લાલજીભાઈને ઘેરી લીધા હતા. આરોપીઓએ ‘લાલો ક્યાં છે?’ કહી ધમકીભર્યા સ્વરે ઝઘડો શરૂ કર્યો હતો અને પિસ્તોલ જેવા હથિયાર બતાવી ભયનો માહોલ ઉભો કર્યો હતો.જાન બચાવવા લાલજીભાઈ નજીકની ગલીમાં દોડ્યા હતા, પરંતુ હુમલાખોરોએ પીછો કરી તેમને પકડી પાડ્યા હતા. સવાભાઈએ ચપ્પુ વડે આંખની નીચે ઘા માર્યો હતો, જ્યારે ગોપાલે ગુપ્તી વડે પગમાં ગંભીર ઈજા પહોંચાડી હતી. અન્ય આરોપીઓએ લોખંડના પાઈપ અને સાંકળ વડે માર મારતા લાલજીભાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. તેમના ભાઈએ વચ્ચે પડી વધુ જાનહાનિ અટકાવી હતી.ઈજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેમને આંખ નીચે સાત અને પગમાં ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. સાથે જ શરીરના અન્ય ભાગોમાં પણ ઈજાઓ નોંધાઈ છે.પુણાગામ પોલીસે આ મામલે કુલ નવ આરોપીઓ સવાભાઈ ભરવાડ,ગોપાલ ઉર્ફે રોનક ઉર્ફે લાલો ભોળાભાઈ ભરવાડ,વિપુલ ભરવાડ,ભાવેશ હિરાભાઈ સાંગડીયા,ભરત કનુભાઈ ભડીયાદરા,કલ્પેશ ડાભી,ખુશાલ ઉર્ફે ગોલ્ડન મોહનભાઈ જાદવ,મુસ્તાક હસનભાઈ સમા તથા વિશુ સામે ગુનો દાખલ કર્યો છે.

# જોબવર્ક બાદ ‘ગાંધી’ પિતા-પુત્રએ રૂ.૨૬.૭૭ લાખ ઓળવી લીધા

**ઉધનાની** ઘટના, ઉઘરાણી કરવા ગયેલા વેપારીને ગાળો ભાંડી ધમકી આપી

સુરતઃ ઉધનામાં કાપડના બુટ્ટુ કટિંગનું કામ કરાવી મજૂરીના રૂ. ૨૬.૭૭ લાખ ચૂકવવાને બદલે પિતા-પુત્રની જોડીએ વેપારીને મારી નાંખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે.

પાંડેસરા ચીકુવાડી સામે આવેલી આવિર્ભાવ સોસાયટીમાં રહેતા ૫૦ વર્ષીય ભરતભાઈ સરલશાહ ગુપ્તા કાપડમાં જોબવર્ક અને મજૂરી કામ સાથે સંકળાયેલા છે. ઉધનાની હરિઈચ્છા સોસાયટીમાં રહેતા શ્રેયસ કેતનભાઈ ગાંધી અને તેના પિતા કેતનભાઈ મનસુખભાઈ ગાંધીએ તેમની પાસે કપડામાં બુટ્ટુકટિંગનું કામ કરાવ્યું હતું. જૂન-૨૦૨૪ સુધી સતત ત્રણ વર્ષથી વધુ સમય કામ ચાલ્યું હતું.લાંબો સમય કામ કર્યા બાદ ભરતભાઈની મહેનત અને જોબવર્કની મજૂરીના કુલ રૂ. ૨૬,૭૭,૨૨૮ ચુકવવાના બાકી નીકળતા હતા. ભરતભાઈ જ્યારે આરોપીઓની ઓફિસે રૂબરૂ પેમેન્ટ લેવા પહોંચ્યા ત્યારે પિતા-પુત્રએ તેમને ગાળો ભાંડી રૂબરૂમાં જ પેમેન્ટ આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. એટલું જ નહીં, આરોપીઓએ વેપારીને ડરાવવા માટે ધમકી આપતા કહ્યું હતું કે, ‘જો હવે પછી ઓફિસે ઉઘરાણી કરવા આવ્યો તો અહીંથી જીવતો પાછો નહીં જઈ શકે.’ જાનના જોખમે વેપારી ત્યાંથી પરત ફર્યા હતા અને પોલીસમાં ઘા નાખી હતી.ભરતભાઈ ગુપ્તાની ફરિયાદના આધારે ઉધના પોલીસે શ્રેયસ કેતનભાઈ ગાંધી અને કેતનભાઈ મનસુખભાઈ ગાંધી વિરુદ્ધ વિશ્વાસઘાત અને હત્યાની ધમકી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# અડાજણમાં આર્થિક સંકડામણમાં યુવકનો આપઘાત

સુરતઃ મૂળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના વતની અને હાલ અડાજણ આનંદ મહલ રોડ પર આવેલ તક્ષશિલા એપાર્ટમેન્ટમાં રહેતા ૪૭ વર્ષીય મયુરભાઈ હિંમતભાઈ રંગાણી ડાયમંડ જ્વેલરીમાં નોકરી કરતા હતા અને હાલમાં છ-સાત મહિનાથી કોઈ કામધંધો કરતા નહતા. તેઓને સંતાનમાં બે પુત્રી છે. તેમની પત્નીને પેટમાં ગાંઠ સહિતની અન્ય બીમારીઓથી પીડાતી હતી. જેની સારવાર ચાલી રહી હતી. હાલમાં પેટની ગાંઠનું ઓપરેશન કરાવ્યું હતું. ગઈકાલે બપોરે મયુરભાઈએ ઘરે બેડરૂમમાં દરવાજો બંધ કરી પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મયુરભાઈએ પત્નીના બીમારીનું ટેન્શન તેમજ આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉધનાના ભીડભંજન મહાદેવમાં આજે કેસરસ્નાન સહિતના કાર્યક્રમો થશે

સુરતઃ ઉધનાગામ સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ભીડભંજન મહાદેવ તેમજ સૈયરકાકા મંદિરમાં વાર્ષિક ઉત્સવ તા ૧૨/૪/૨૦૨૬, ચૈત્ર વદ દશમ બળીયાદેવ બાપજીનું ‘સવા પાંચ’ મણ દૂધથી કેસરસ્નાન કરવામાં આવશે તેમજ ભગવાનની ધર્મ ધજા અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ શીતળા શાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. 4:30 કલાકે સાંજે યજ્ઞની પૂર્ણાહુતિ થશે અને ત્યારબાદ બળીયાદેવ બાપજીનો શણગાર તેમજ મહાઆરતી થશે અને બ્રહ્મભોજન કરાવવામાં આવશે. ત્યારબાદ સાંજે સાડા પાંચ કલાકથી હરિભક્તો માટે મહાપ્રસાદીનુ આયોજન કરવામાં આવ્યું છે. ભક્તોને તેનો લાભ લેવા માટે જણાવાયું છે.

### આચાર્ય ભગવંતોનો વેસુમાં ભવ્ય મંગલ પ્રવેશ, ૨૪મીથી ‘ઉપધાન તપ’નો પ્રારંભ

સુરતઃ ઘોડદોડ રોડ જૈન સંઘના આંગણે પ.પૂ. આચાર્યવરબોધિસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આચાર્ય પદ્મબોધિ સૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા-૬ એ સતત ત્રણ દિવસ સુધી સરેલા વાડી ખાતે જ્ઞાનગંગા વહાવી શ્રાવકોને ભાવવિભોર કર્યા હતા. ધર્મમય માહોલ વચ્ચે, પૂજ્યશ્રીઓ આવતીકાલે તા. ૧૨-૪-૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ કલાકે સરેલાવાડીથી વિહાર કરી વેસુ સ્થિત મહાવિદેહ ધામ જૈન સંઘ ખાતે મંગલ પદાર્પણ કરશે. અત્રે તેઓ ૬૦ દિવસ સુધી સ્થિરતા કરી ધર્મ આરાધના કરાવશે. ઉલ્લેખનીય છે કે, આગામી તા. ૨૪-૪-૨૦૨૬ના શુભ દિવસે પૂજ્ય નિશ્રામાં ભવ્ય ‘ઉપધાન તપ’નો પ્રારંભ થશે, તેમ અગ્રણી શ્રાવક નીલેશભાઈ શાહે યાદીમાં જણાવ્યું છે.

### તપસ્વી વેદ વિદ્યાલયના ઋષિકુમારો દ્વારા શુક્લ યજુર્વેદ સંહિતાનું અદભૂત કંઠસ્થ પારાયણ

સુરતઃ વેદમૂર્તિ તેજસકુમાર ભોગાયતા (ઘનપાઠી) ગુરુજી સંચાલિત ‘તપસ્વી વેદ વિદ્યાલય’ના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે સુરતમાં ભવ્ય વૈદિક મહોત્સવનું આયોજન કરાયું છે. આ અંતર્ગત વિદ્યાલયના ઋષિકુમારો દ્વારા ‘શુક્લ યજુર્વેદ સંહિતા’નું વિરલ એકાકી કંઠસ્થ પારાયણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં ગણ્યાગાંઠ્યા વૈદિક વિદ્વાનો જ જે સિદ્ધિ ધરાવે છે, તેવું ‘અથ થી ઇતિ’ સુધી ની સંપૂર્ણ મોખિક પારાયણ આ કુમારો કરી રહ્યા છે, જે સુરત માટે ગૌરવની ક્ષણ છે. ચૈત્ર વદ પંચમીથી દ્વાદશી (૭ થી ૧૪ એપ્રિલ) દરમિયાન સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ સુધી ચાલનારા આ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા તમામ વેદ પ્રેમીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### જીવનમાં સુખ અને દુઃખની પરિભાષા સમજવા જેવી છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

મુંબઇઃ મુંબઇ-મલાડ(પૂર્વ)ના મંછુભાઇ રોડ સ્થિત કલ્યાણ કલ્પતરુ શ્વે મૂ.પૂ. જૈન સંઘમાં પ્રભુદર્શન એપાર્ટમેન્ટ ખાતે આવેલ આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે પ્રવચન પ્રસાદી પાઠવતાં જણાવ્યું હતું કે, સુખ અને દુઃખ નામના બે પૈડાં ઉપર સંસારરૂપી રથ દોડી રહ્યો છે. જીવનમાં સુખ અને દુઃખની પરિભાષા સમજવા જેવી છે. સત્તા, સંપત્તિ, સાધનો અને સૌન્દર્યનો વ્યાપ વધુ અને સુખનું થર્મોમીટર છે એ માન્યતા ગલત છે. સત્તાધીશો પણ સુખી નથી. તેઓ સતત ટેન્શન અને સ્ટ્રેસની વચ્ચે જીવતા હોય છે. સત્તાધીશોની આજુ-બાજુ કમાન્ડોનો કાફલો તૈનાતમાં હોય છે એનો મતલબ એ નથી કે તેઓ સુખી છે. તેઓ સૌથી વધુ ભયભીત છે. સંપત્તિની રેલમછેલ હોય એટલે તમે સુખીનો સિમ્બોલ લગાડી દો તે જરાય યોગ્ય નથી. સંપત્તિમાનોના સંતાનો બેફામ જીવન જીવતા હોય છે.

### સુરતની માહેશ્વરી સમાજની ભાવિકા માહેશ્વરીને એવોર્ડ

સુરતઃ પુણે ખાતે આયોજિત પ્રતિષ્ઠિત માહેશ્વરી ગ્લોબલ કાર્યક્રમમાં સુરતની પ્રતિભાશાળી દીકરી ભાવિકા માહેશ્વરીને “MVMP માહેશ્વરી ગ્લોબલ સ્ટાર 2026” એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ સન્માન અંતર્ગત તેમને 1 લાખનું રોકડ ઇનામ, મેડલ તેમજ મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. આ આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં વિશ્વભરમાંથી પસંદ કરાયેલા 12 પ્રતિભાશાળી બાળકોને 1-1 લાખનું રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું, જેમાં ભાવિકા માહેશ્વરીને ઓલ રાઉન્ડર કેટેગરીમાં વિશેષ સન્માન પ્રાપ્ત થયું. આ એવોર્ડ ડો. સંજય માલપાણી (પ્રેસિડેન્ટ - ગીતા પરિવાર તથા સ્થાપક - એશિયન યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન, ધ્રુવ ગ્લોબલ સ્કૂલ)ના હસ્તે આપવામાં આવ્યો.